**મહે,એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ અદાલતમાં, મું.માંડવી, જી.સુરત**

**ફોજદારી કેસ નં.૬૦૯/૨૦૨૬**

**આંક:-૭**

**ફરીયાદી** :- **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** **માનાભાઇ ભીખાભાઇ મહેતા,**
**રહે. હાલ- તડકેશ્વર, જી.એમ.ડી.સી.ખાતે આવેલ, દુર્ગા ઇફ્રામાઇનીંગ પ્રા.લી.ની રૂમમા, તા.અરેઠ, જી.સુરત**

**ગુનો :- ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૦૩(૧) મુજબ.**

**:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - ૨૩૨ અન્વયે કમીટલ હુકમ ::**

(૧) આ કામે માંડવી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૧૧૨૧૪૦૩૨૨૬૦૨૭૪/૨૦૨૬ ના કામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૦૩(૧) મુજબના ગુનાનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદાર દ્વારા અંત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

(૨) આરોપી હાલમાં જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર થયેલ અને આરોપીને કેસ પેપર્સની નકલો આપવામાં આવી છે. આરોપીનું નિવેદન નોંધતા તેઓ ખાનગી રાહે વકીલ રોકવા માંગણી કરેલ છે.

(૩) આરોપીઓ સામેનાં ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા માત્ર નામદાર સેશન્સ કોર્ટ, બારડોલીને જ હોય, આ કેસની ઈન્સાફી કાર્યવાહી માટે નામદાર સેશન્સ કોર્ટ, બારડોલી તરફ યોગ્ય ન્યાયિક કાર્યવાહી અર્થે મોકલી આપવાનો આદેશ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કેસની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ – ૨૩૨ અન્વયે નામદાર સેશન્સ કોર્ટ, બારડોલી ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કેસનું તમામ રેકર્ડ અને પ્રોસીંડીગ્સ નામદાર સેશન્સ કોર્ટ, બારડોલીને મોકલી આપવુ.

(૨) આરોપી ઠરાવ તારીખ ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ ૧૦:૩૦ કલાકે નામદાર સેશન્સ કોર્ટ, બારડોલી, જી.સુરત ખાતે હાજર રહેવું.

(૩) સદરહું કેસ કમીટ કર્યા બાબતની જાણ વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીની કચેરી, સુરત નાઓને કરવી.

સદરહુ હુકમ આજરોજ તા.૨જી, માહે જુલાઇ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : માંડવી, જિ. સુરત.

(મનિષ મનહરભાઈ બુધ્ધભટ્ટી)
એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,
માંડવી, જિ.સુરત
(જીજે૦૦૮૫૫ )